કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝપેપર
Digital Copy
जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 4 | 04 June 2025 | Sugnesh Patel | garvigujrat2025@gmail.com | CANADA |

# પીએમ મોદીને ઘાનાના રાષ્ટ્રીય સન્માન

## બંને દેશોએ મહત્વપૂર્ણ કરારો પર કર્યા હસ્તાક્ષર

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બે દિવસીય પશ્ચિમ આફ્રિકાના દેશ ઘાના પહોંચ્યા. આ તેમની ઘાનાની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે, જે ભારત અને ઘાનાના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની દિશામાં મહત્વનું પગલું છે. અકરાના કોટોકા આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર તેમનું ભવ્ય સ્વાગત થયું, આ ઉપરાંત ઘાનાના રાષ્ટ્ર પ્રમુખ જૉન મહામાએ તેમને દેશના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યા.





વડા પ્રધાન મોદીનું ઘાનામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, જ્યાં કોટોકા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તેમનું સ્વાગત 21 તોપોની સલામી સાથે કરવામાં આવ્યું. રાષ્ટ્ર પ્રમુખ મહામાએ તેમને 'ઑફિસર ઑફ ધ ઑર્ડર ઑફ ધ સ્ટાર ઑફ ઘાના' એવોર્ડથી સન્માનિત કર્યા. મોદીએ આ સન્માનને 1.4 અબજ ભારતીયોના નામે સ્વીકાર્યું અને ઘાનાના લોકોનો આભાર માન્યો. તેમણે આ સન્માનને ભારતની સાંસ્કૃતિક વિવિધતા, યુવાઓની આકાંક્ષાઓ અને બંને દેશોના ઐતિહાસિક સંબંધોને સમર્પિત કર્યું.

આ યાત્રા દરમિયાન ભારત અને ઘાના વચ્ચે ચાર મહત્વના કરાર થયા, જેમાં સંસ્કૃતિ, પ્રમાણપત્ર, પરંપરાગત ચિકિત્સા અને ઉચ્ચ સ્તરીય સંવાદ માટે સમજૂતી કરારોનો સમાવેશ થાય છે. મોદીએ ઘાનાના 'ફીડ ઘાના' કાર્યક્રમમાં સહયોગ, ITEC અને ICCR શિષ્યવૃત્તિઓ બમણી કરવી, કૌશલ્ય વિકાસ કેન્દ્રની સ્થાપના અને જન ઔષધિ કેન્દ્રો દ્વારા સસ્તી આરોગ્ય સેવાઓની જાહેરાત કરી. આ ઉપરાંત, આતંકવાદ વિરુદ્ધ સહયોગ અને સંયુક્ત રાષ્ટ્ર સુધારણા પર પણ ચર્ચા થઈ.

પીએમ મોદીએ રાષ્ટ્રપતિ મહામાને ભારતની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું અને ભારતીય સમુદાય સાથેની મુલાકાત માટે ઉત્સાહ વ્યક્ત કર્યો. તેમણે ઘાનાને પશ્ચિમ આફ્રિકામાં લોકશાહીની 'આશાની કિરણ' ગણાવી અને બંને દેશોના સામાન્ય મૂલ્યો અને સપનાઓ પર ભાર મૂક્યો. આ યાત્રા બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરશે.

## શું ટ્રમ્પની ટેરિફનીતિ અમેરિકા પર જ ભારે પડશે? રિપોર્ટમાં થયા ચોંકાવનારા ખુલાસા

વોશિંગ્ટનઃ અમેરિકામાં જ્યારથી રાષ્ટ્ર પ્રમુખ પદ પર ડોનાલ્ડ ટ્રમ્પે શપથ ગ્રહણ કર્યા છે. ત્યારે અવાર નવાર વિવાદોમાં ઘેરાયેલા રહે છે. આમ તો તેમના દરેક નિર્ણય વિશ્વમાં ચર્ચાનું કેન્દ્ર બની રહેતા હોય છે. આ નિર્ણયોમાં સૌથી વધુ ચર્ચામાં રહેનાર નિર્ણય છે ટ્રમ્પની ટેરિફનીતિ. પરંતુ હવે ટ્રમ્પની ટેરિફ નીતિ તેમના પર જ ઊંધી પડતી જોવા મળી રહી છે. તાજેતરમાં થયેલા એક વિશ્લેષણમાં દાવો કરવામાં આવ્યો છે કે, અમેરિકી કંપનીઓને આ નિર્ણયથી 82.3 અબજ ડોલરનું નુકસાન પહોંચાડી શકે છે. આ રિપોર્ટે ટ્રમ્પના દાવાને પડકાર્યો છે કે વિદેશી ઉત્પાદકો ટેરીફનો બોજ ઉઠાવશે. આ નિર્ણયથી અમેરિકાના રિટેલ અને હોલસેલ ક્ષેત્રો પર ખાસ અસર થશે, જેના કારણે ભાવ વધારો અથવા છટણી જેવા પગલા લેવાઈ શકે છે.

## Happy Birthday

*આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિઃશુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.*

## ફેક્ટરી એક્ટમાં સુધારો કરવા ગુજરાત સરકારે બહાર પાડયો વટહુકમ

## કામદારો ૯ના બદલે ૧૨ કલાક કામ કરી શકશે

અમદાવાદઃ ગુજરાત સરકારે ફેક્ટરી કાયદામાં સુધારો કરવા માટે એક વટહુકમ બહાર પાડયો હતો. જેમાં દિવસમાં કામના કલાકો 9 થી વધારીને 12 કલાક કરવામાં આવ્યા હતા. સરકારના મતે, આ પગલાનો હેતુ વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારની તકો ઊભી કરવાનો છે.

જે કિસ્સાઓમાં કામદારો 12 કલાકની શિફ્ટ માટે કાર્યરત હોય ત્યાં 6 કલાક સતત કામ કર્યા પછી તેમને 30 મિનિટનો ફરજિયાત વિરામ આપવો પડશે.

ફેક્ટરી કાયદાની જોગવાઈઓમાં બીજા એક મહત્વપૂર્ણ ફેરફારમાં, કેટલીક કડક સલામતી માર્ગદર્શિકાઓને આધીન, રાજ્ય સરકાર હવે મહિલાઓને વાણિજ્યિક સંસ્થાઓમાં 24 કલાક કામ કરવાની પરવાનગી આપશે.



અગાઉ, સરકારે મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી આપવા અંગે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું કે નવો વટહુકમ લાગુ થયા પછી જો ઉદ્યોગો દ્વારા તમામ જરૂરી સલામતીના નિયમોનું પાલન કરવાની સંમતિ આપવામાં આવશે તો મહિલાઓ નાઈટ શિફ્ટમાં કામ કરી શકશે.

આ દરમિયાન, રાજ્ય સરકારે ફેક્ટરીઓના માલિકોને એક ક્વાર્ટરમાં 75 કલાકને બદલે 125 કલાકનો ઓવરટાઈમ આપવાની પણ મંજૂરી આપી હતી. કર્મચારીઓ તેમના કામના ઓવરટાઈમ કલાકો માટે બમણા પગાર માટે પાત્ર રહેશે.

ફ્લેક્સિબલ વર્કિંગ અવર્સનો ખ્યાલ વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવે છે, પરંતુ ફેક્ટરી કાયદાની જોગવાઈઓ હેઠળ આ શક્ય નહોતું. વટહુકમના મુસદા સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે વટહુકમ સાથે કર્મચારીઓ હવે ચાર દિવસ માટે 12 કલાકની શિફ્ટમાં કામ કરી શકશે.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**5 જુલાઈ શનિવારથી 11 જુલાઈ શુક્રવાર**

**મેષ રાશિ** **અ, લ, ઈ** મનના ઓરતાઓને સાકાર કરવાની આશા અને ઉત્સાહ વધતો અનુભવાય, નાણાકીય કારોબાર, લેણ-દેણ-ખર્ચ-ખરીદીઓ સાનુકૂળતા જણાય, આપના માર્ગ આડેના અવરોધો દૂર થતાં કોઈ કામ ઉકેલી શકશો, નોકરી યા ધંધા-વેપારની બાબતો માટે સમય સકારાત્મક સાર્થક બને.

**વૃષભ રાશિ** **બ, વ, ઉ** આપની મનની વ્યગ્રતા અને ખોટી ચિંતાને મનમાંથી હાંકી કાઢી શકશો, આર્થિક વ્યવહારોમાં સાવધ રહેવું, ગફલત- વિશ્વાસે ચાલવાથી વ્યય થાય, કોઈ લેણા મેળવવા માટે સાનુકૂળ તક, આપના વાહવ-મકાનના કાર્યો અંગે કોઈની મદદ ઉપયોગી બને, નોકરીમાં રાહત વધે.

**મિથુન રાશિ** **ક, છ, ઘ** મૂંઝવણો હોય કે અગમ્ય ચિંતા-ભય આપની દેવ-શ્રાદ્ધા જરૂર નિવારી શકે, આર્થિક બાબતોની ગૂંચ ઉકેલવા વધુ પ્રયત્ન, ધીરજની જરૂર પડે, ખોટા-ખર્ચ-વ્યયથી સાચવવું, સફળતા અને લક્ષ પ્રાપ્તિ માટે આપને વિલંબ થતો જણાય, નોકરી કે ધંધા વ્યવસાયમાં ધીમી પ્રગતિ દેખાશે.

**કર્ક રાશિ** **ડ, હ** આપની મનની અશાંતિ અને વિષાદ દૂર થાય, અલબત વિલંબ થશે, નાણાભીડમાંથી માર્ગ કાઢવા, મિત્ર-જૂના લેણાં કે ઉઘરાણી મદદરૂપ બને, લોન-વ્યાજ અંગે ચિંતા, સંપત્તિ- વાહન અંગેના કાર્યોમાં સમસ્યા હોય તો તેનું નિવારણ દેખાશે, નોકરી અંગેનો કોઈ પ્રશ્ન હલ થાય.

**સિંહ રાશિ** **મ, ટ** શારીરિક-માનસિક દુર્બળતાને સુધારવા યોગ અપનાવજો, આર્થિક પરિસ્થિતિને સાચવવા કરકસર જરૂરી, ખોટો વ્યય અટકાવજો, ઉઘરાણી પર ધ્યાન આપજો, આપના મહત્ત્વના કામકાજોમાં વિલંબ થઈ શકે, આપના નોકરી યા ધંધાની ચિંતા હળવી બનશે.

**કન્યા રાશિ** **પ, ઠ, ણ** આપની પરેશાનીઓ હાલ પૂરતી વિરમી જતી જણાય, આશાનું કિરણ લાધે આર્થિક બાબતો અંગે યોગ્ય ગણતરીપૂર્વકના નિર્ણયો અને સંયમપૂર્વકના ખર્ચા અગત્યના ગણાશે. મહત્ત્વના વાહન-મકાન યા અન્ય કાર્ય માટે પ્રગતિકારક તક મળે, નોકરી-ધંધાના પ્રશ્નોનો હલ મળે.

**તુલા રાશિ** **ર, ત** અશાંત મનને શાંત કરવા યોગ-પ્રાણાયામ આવશ્યક છે. આર્થિક બાબતો સુધારી શકશો, ઉઘરાણી-લેણા મેળવી શકો, કોઈ જૂની આવક મળે, ખર્ચના ખાડામાં ન ઉતરી પડાય તે જોજો, નોકરી-ધંધાના કામકાજો આગળ વધે, લાભની આશા, અન્ય કાર્યોમાં રૂકાવટ બાદ સફળતા જણાય.

**વૃશ્ચિક રાશિ** **ન, ય** મનોવૈજ્ઞાનિક તણાવ અને લાગણી, આવેશના કારણે બોજો વધશે, આર્થિક સમસ્યા પણ અનુભવાય, અલબત કોઈની મદદ કે જૂની આવકની ઉઘરાણીથી રાહત મળે, કાર્ય સફળતા માટે વધુ સમાધાનથી શાંતિથી સહકારથી ચાલવું પડે, નોકરી-ધંધામાં વિઘ્ન બાદ પ્રગતિની તક સર્જાય.

**ધન રાશિ** **ભ, ધ, ફ, ઢ** આપના મનની મૂંઝવણ હોય કે વેદના આ વખતે હળવી બનતી લાગે, નાણાકીય લાભનું આયોજન થાય, જૂનાં લેણા મળે, ચૂકવણી-વ્યાજ વટાવથી ભાર વધે, ખર્ચનો પ્રવાહ અંકુશમાં રાખજો, મહત્ત્વના કોઈ કામમાં પ્રગતિકારક તક, તબિયતમાં રાહત, પ્રવાસમાં સફળતા.

**મકર રાશિ** **ખ, જ** માનસિક રીતે અસ્વસ્થતા અને વ્યગ્રતાનો અનુભવ થતો જણાય, આવક વૃદ્ધિની તક મળે, કોઈ યોજના આયોજન સફળ બની શકે, લેણ-દેણના કામની પતાવી શકશો, મકાન-વાહન બાબત હોય કે જમીન જાગીર સમય સુધરશે, નોકરીમાં કાર્ય સફળતા મળે.

**કુંભ રાશિ** **ગ, સ, શ, ષ** ઉદ્વેગ અને કોઈ વિષાદની લાગણીમાંથી મનને બહાર લાવીને અનુભવી શકશો આવક-જાવક અંગે સમય સમતોલન રાખવાનો છે. કેમ કે વધુ પડતા ખર્ચાઓ આપનું બજેટ ખોરવી નાખશે. આવકની ધારી વૃદ્ધિ શક્ય નથી લાગતી.

**મીન રાશિ** **દ, ચ, ઝ, થ** દુઃખ અને શોકના દરિયામાં ડૂબવાની જરૂર નથી. ઈશ્વરભક્તિ અને પ્રાર્થના સુખની રાહ બતાવશે, આપની નાણાકીય મુશ્કેલીમાંથી બહાર આવવાની આશા ફળશે, કોઈ રાહ મળે, લાભની તક આવે, સકારાત્મક કાર્યો સફળ થતા લાગે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

# વાચક મિત્રો જોગ

પ્રિય વાચક મિત્રો,

ગરવી ગુજરાતના પ્રથમ બે અંકોને આપે જે ઉષ્માભર્યો અને સુંદર પ્રતિભાવ આપ્યો છે, તેનાથી અમે અત્યંત આનંદિત અને પ્રોત્સાહિત છીએ. આપના આ પ્રતિભાવ બદલ અમે હૃદયપૂર્વક આભારી છીએ.

અમારો મુખ્ય ઉદ્દેશ્ય કેનેડાની ધરતી પર ભારતીય અને ખાસ કરીને ગુજરાતી સંસ્કૃતિ, સમાચારો અને વારસાને 'ગરવી ગુજરાત'ના



માધ્યમથી આપ સુધી પહોંચાડવાનો છે. આ પ્રયાસમાં અમને ખુશી છે કે અમે સફળ થઈ રહ્યા છીએ અને આપનો સહયોગ અમને વધુ સારો કરવા પ્રેરણા આપે છે.

અમે ભવિષ્યમાં પણ આપની અપેક્ષાઓ પર ખરા ઉતરવા કટિબદ્ધ છીએ. આપના કોઈપણ સૂચનો, પ્રતિભાવો કે વિચારો અમારા માટે અમૂલ્ય છે અને તેને અમે આવકારીએ છીએ. આપના સહયોગથી જ 'ગરવી ગુજરાત' વધુ સક્ષમ અને લોકપ્રિય બની શકશે.

**આપનો આભાર.**
**તંત્રી, સુગ્નેશભાઈ પટેલ**
**ગરવી ગુજરાત**

**Om sai ram and good morning friends**

**SAINT COMING FROM GERMANY TO GUELPH TO BLESS US**

July 05, Saturday , Saint from Germany is coming to guelph and will do prayer and kirtan with him.

■ WE ALL ARE SO BLESSFUL TO HAVE HIM WITH US





**DO NOT MISSED OPPORTUNITY**
**CONFIRMATION IS MUST**
**PREETIBHOG WILL BE AT 8.00**


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

# માનવ સાધનથી નહિ, સાધનાથી મહાન બને છે; અને મોટા ભવનથી નહિ, ભાવનાથી મહાન બને છે

આજના આધુનિક યુગમાં જ્યારે દુનિયા ટેક્નોલોજી, ભૌતિક સુવિધાઓ અને વિશાળ ઈમારતો પર આસ્થા રાખે છે ત્યારે આવી ઊંડાણભરી વાત આપણને સાચા મૂલ્યો અને માનવતા તરફ વાળે છે.

માણસની મહાનતા તેના પાસે કેટલાં સાધન છે એમાંથી નહિ પણ તેણે કેટલાં સાધનો વિના પણ સાધનાનું મહત્ત્વ સમજાવ્યું છે એમાંથી ઓલખાય છે.



સાધનો એટલે કે દેમદાર વસ્તુઓ - પૈસા, ગાડી, મકાન કે ભૌતિક સંપત્તિ આ બધું જીવનમાં જરૂરી છે, પણ એ માનવતાના મૂલ્યોના સ્થાને નહિ આવે. અનેક મહાન નેતાઓ, સંતો, વૈજ્ઞાનિકો કે સમાજસેવી લોકો એવા છે જેમણે કોઈ મોટાં ભવન કે ભૌતિક સુવિધાઓ વગર પણ વિશ્વમાં પોતાના કાર્યો દ્વારા ઈતિહાસ રચ્યો છે.

મહાત્મા ગાંધીને જોઈ લો. તેમણે ન તો વૈભવી ભવનમાં જીવન જીવ્યું, ન તો મોટા સાધનો ધરાવ્યા. તેમ છતાં તેમની 'સાધના' એવી શક્તિશાળી હતી કે આખું વિશ્વ તેમને શાંતિના દુત તરીકે ઓળખે છે. ગાંધીજીની દ્રઢ ભાવના અને માનવીય મૂલ્યો જ તેમની ખરા સમૃદ્ધિ હતા.

મોટા ભવન હોય એમાં માનવતા ના રહે તો તે માત્ર પથ્થરના ઢગલા સમાન છે. જ્યારે એક નાનું મકાન પણ પ્રેમ, કરુણા અને સહાનુભૂતિથી ભરેલું હોય તો એ હકીકતમાં મહાન ભવન ગણાય. ભવનથી ભવ્યતા મળે, પણ ભાવના વગર એ ભવ્યતા પથ્થરની શોખીનતાથી વધુ કંઈ નથી.

સાધના એટલે આત્માવિશ્વાસ, દ્રઢ નિશ્ચય, પ્રયત્નશીલતા અને મકસદ માટે અવિરત પરિશ્રમ. અને આવા ગુણો ધરાવનારા માનવીને કોઈ પણ ક્ષેત્રે સફળ થવામાં વધુ સમય લાગતો નથી. જ્યારે માણસ ભૌતિક રીતે સમૃદ્ધ હોય પણ અંદરથી ખાલી હોય તો તે આંતરિક શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી.

એક શિક્ષક પાસે ભવિષ્ય ઘડવાની શક્તિ હોય છે, પણ એ શક્તિ ભૌતિક સાધનોમાંથી નહિ, તો તેની શિક્ષણ પ્રત્યેની ભાવના અને વિદ્યાર્થી પ્રેમમાંથી આવે છે. સરદાર પટેલે તો સાદગીથી ભરેલું જીવન જીવ્યું, પણ તેમની ભાવના એટલી મજબૂત હતી કે આજે પણ તેમની ચેતનાને યાદ કરવામાં આવે છે.

સમાજમાં પણ જો આપણે માનવીની સેવા, પરોપકાર અને સામાજિક જવાબદારી જેવી ભાવનાઓને આગળ લાવીએ તો મોટાં ભવન વગર પણ એક સાચું સુખી સમાજ ઊભું કરી શકીએ. હોસ્પિટલના ભવ્ય બાંધકામ કરતાં તેમાં લાગેલી સેવામાં રહેલી ભાવના દર્દીને આરામ આપે છે.

આજના યુગમાં આપણે ત્યાં ભૌતિક વિકાસ ઝડપથી થઈ રહ્યો છે, પરંતુ ભાવનાત્મક વિકાસ પાછળ રહી ગયો છે. જેને કારણે શાંતિ, સંતોષ અને માનવતાના મુદ્દા અદૃશ્ય બની ગયા છે. મનુષ્ય મશીન બની ગયો છે અને એ ભાવના ભૂલી ગયો છે.

સત્ય, અહિંસા, પ્રેમ, સદભાવના, સહકાર અને કરુણા આ બધાં એવો સાદો મર્મ ધરાવે છે કે એના અભાવમાં કોઈ પણ સંસ્થા કે સમાજ લાંબો સમય ટકી શકતો નથી. જ્યારે આ ભાવનાઓ જીવીત હોય ત્યારે નાના ભવન પણ મંદિરો સમાન લાગે છે.

તેથી આજે જરૂર છે કે આપણે આધુનિકતા સાથે સંસ્કારને જોડીએ, ભવન સાથે ભાવનાને સંવાળીએ અને સાધનો સાથે સાધનાને ઊજાગર કરીએ. માણસ માટે તેની સાચી ઓળખ એના લાગણીઓ, સંસ્કાર અને માનવતાની સમજમાં રહેલી છે.

અંતે એ જ સાચું કે માનવી ભૌતિક રીતે નહીં પણ આધ્યાત્મિક, લાગણીશીલ અને સંસ્કારથી મહાન બને છે. અને સમાજ, સંસ્થા કે રાષ્ટ્રના ભવિષ્ય માટે મોટા ભવન નહીં, પણ ઊંડા ભાવના ધરાવતો મનુષ્ય જરૂરી છે.

માત્ર ઊંચા શબ્દો બોલવાથી નહીં, પણ એને જીવનમાં ઉતારવાથી જ વ્યક્તિની ખરેખર ઓળખ થાય છે.

આચરણ એ કોઈના વ્યક્તિત્વનો પ્રતિબિંબ હોય છે, જયારે ઉચ્ચારણ માત્ર અવાજ હોય છે.

જગતને બદલવા માટે વાણી કરતાં વર્તન વધુ અસરકારક સાબિત થાય છે.

જો ભાષણ અને વચન મોટા હોય પણ કર્મ ખોટાં હોય, તો વિશ્વાસ ક્યારેય ઊભો થઈ શકતો નથી.

મહાન લોકો એ નથી જે ઊંચું બોલે છે, પણ એ છે જે પોતાનું ઉચિત વર્તન સતત જાળવે છે.

શિક્ષણ માટે શિક્ષકનું વર્તન વધારે અસરકારક હોય છે, કેટલું કહે છે એના કરતાં કેટલું કરે છે એ મહત્વનું છે.

બાળકો પણ મોટા લોકોના વર્તનમાંથી શીખે છે, એમના બોલેલા વચનોમાંથી નહિ.

ધર્મે ઉપદેશ આપવા કરતાં એને જીવનમાં જીવવો વધારે અગત્યનો છે.

નિષ્કર્ષે, મહાનતા એમાં નથી કે આપણું ઘર કેટલું મોટું છે, કે આપણે કેટલી વાતો કરવી છે, પણ એમાં છે કે આપણા ઘરમાં કેટલી લાગણીઓ છે અને આપણે કેટલું સાચું જીવી રહ્યાં છીએ. માનવ જીવનના સાચા ઉદ્દેશ માટે સાધના, ભાવના અને આચરણ જ સૌથી મોટાં હથિયાર છે.

લેખકઃ- ભરતભાઈ ભાનુશાલી. વિસનગર, ગુજરાત

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Parth Patel
647 655 5029
Find on Google

# પુષ્ટિમાર્ગિય સેવા પ્રભુને પ્રગટ કરવા માટે છે



શ્રીમહાપ્રભુજીએ ભાવાત્મક ફલરૂપ પુષ્ટિમાર્ગમાં ‘રાગ, ભોગ અને શૃંગાર’ને પ્રાધાન્યતા આપી છે, જેથી પુષ્ટિ જીવની સકલ ઈન્દ્રિયો અને દેહનો વિનિયોગ સેવામાં થઈ જાય છે. પ્રભુ જીવને સેવા દ્વારા પોતાની સન્મુખ રાખે તેનું નામ નિરોધ. બ્રહ્મસંબંધ કરાવી જીવને સેવા માટે સ્વરૂપ પધરાવી આપે છે. જીવને માથે પ્રભુ સાક્ષાત બિરાજે છે એવો દ્રઢ ભાવ થઈ જવો જોઈએ. એ પ્રભુ જ મારું સર્વસ્વ છે. પુષ્ટિમાં પ્રભુ પ્રથમ મળી જાય છે, જ્યારે મર્યાદામાં સાધના કર્યા પછી પ્રભુ મળે છે. હવે એ મળેલા પ્રભુ સાક્ષાત છે તે પ્રગટ થઈ અનુભવ કરાવે તે પુષ્ટિમાર્ગિય ફળ છે. ઠાકોરજી મળે તે પ્રમાણ અને રસાનુભવ કરાવે તે ફળ. શ્રીમહાપ્રભુજીની મેંડ-મર્યાદાથી સેવા સ્વીકારે છે. જ્યારે પ્રગટ થઈ જાય ત્યારે ફલાનુભવ કહેવાય.

જ્યાં સુધી જીવત્વ છે ત્યાં સુધી દાસત્વ માટે સેવા કરવી, દાસત્વ છે તો પ્રિયત્વ માટે સેવા કરવી, પ્રિયત્વ છે તો સ્વરૂપાનંદના આનંદ માટે સેવા કરવી. પ્રથમ દાસત્વ સિદ્ધ થાય તે જરૂરી છે. ફલ દશામાં પણ દાસત્વ જરૂરી છે. બધા ભાવો દાસત્વને અવલંબે છે. દાસત્વમાં દેહભાવ નિવૃત થઈ જાય. ભગવદ્ ભાવ દ્રઢ થાય. વરણ પરસ્પર છે. પહેલું વરણ પ્રભુ જીવનું કરે છે. પ્રભુ કહે છે, “આ જીવ મારો છે. હું એને પ્રાપ્ત કરાવીશ.” પછી જીવનું પ્રભુમાં વરણ થાય છે. પ્રિયત્વ ત્રણ પ્રકારનું સખ્ય, વાત્સલ્ય કે માધુર્ય. સ્વરૂપ નિષ્ઠા ખૂબ જરૂરી છે. નિષ્ઠામાં સ્નેહ હોય છે. જ્યાં ભક્તિ છે ત્યાં સ્નેહ અને સહનશિલતા છે જ. સાક્ષાતમાં પ્રભુને જોઈ શકો. પણ અનુભવ ના કરી શકો. પ્રગટમાં અનુભવ કરી શકો. પુષ્ટિમાર્ગમાં સેવા પ્રભુને પ્રગટ કરવા માટે છે. પુષ્ટિ દૈવી જીવને ત્યાં પ્રભુ છે જ, ક્યાંયે ગયા નથી. સમજીને શોધવા માંડો. જેમ શ્રીગોપીજનોએ પ્રભુ અંતરધ્યાન થયા પછી શોધ કરી પ્રભુને પ્રગટ કર્યા. બસ, એ જ શ્રીગોપીજનોના ભાવથી સેવા કરો તો ફલ પ્રાપ્તિ થશે.

શ્રીમહાપ્રભુજીએ જીવના અધિકાર અને વરણ પ્રમાણે રૂપ સેવા અને નામ સેવા બતાવી છે. બંને સેવા દ્વારા મન-ચિત્તનો નિરોધ સિદ્ધ થતાં પુષ્ટિ ફલની પ્રાપ્તિ થાય છે. સેવામાં ક્રમે ક્રમે પ્રેમ, આસકિત, વ્યસન અને ફલ સુધી પહોંચાય છે. ફલ શું પુષ્ટિ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ. ફલમાં સ્વરૂપ સેવા એટલે કે સાધનની અપેક્ષા રહેલી છે, જ્યારે પ્રમેય બળથી શ્રીમહાપ્રભુજી જીવને તાપાત્મક ગુણગાન કરવાનું કૃપાદાન કરે છે ત્યારે સીધો જ વ્યસનાત્મક ભાવ સિદ્ધ થઈ જાય અને માનસી સહજ પ્રાપ્ત થાય છે. પુષ્ટિ પુરુષાર્થ પ્રાપ્તિમાં સાધનની અપેક્ષા નથી. સુધા સ્વરૂપ શ્રીવલ્લભની કૃપા જ નિયામક છે. તેથી સ્વામીએ નિ. લક્ષણ ગ્રંથમાં ગુણગાન અને સ્વરૂપ ધ્યાનની આજ્ઞા કરી છે.

જ્યાં સુધી જીવને પ્રભુમાં સ્નેહ નથી થયો ત્યાં સુધી બધુ નકામું છે. જ્યાં સુધી જીવને સંસાર આસકિત છે, રાગ છે, ત્યાં સુધી પ્રભુમાં અનુરાગ થવો કઠીન છે. સ્વરૂપજ્ઞાન પુષ્ટિ જીવ માટે જરૂરી છે. સેવા દ્વારા શું પ્રાપ્ત કરવાનું છે. જીવે પોતાના લીલા મધ્યપાંતિ આધિદૈવિક દેહ (સ્વરૂપ) ને પ્રાપ્ત કરવાનું છે. એ અવાંતર ફલ છે, એની પ્રાપ્તિથી જ સ્વયમ્ જીવ ગોલોક ધામમાં જઈ ફલરૂપ પુષ્ટિ પ્રભુની સેવા યોગ્ય થાય છે, તે મુખ્ય ફલ, શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે, “સર્વ દોષ અને ચિંતાથી રહિત જે ભગવદિય છે, તેની સાથે મળીને શ્રીગોકુળાધીશ પ્રભુ સદા નિશ્ચય સ્મરણ કરવા યોગ્ય છે. જે અહર્નિશ ભગવદ્ સેવા-સ્મરણ, ગુણગાન, ધ્યાન કરે તેનો ભગવાન નિરોધ કરે છે.



ROYAL LEPAGE
Flower City Realty
BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED



REAL ESTATE

# MANISH PATEL

HELPING YOU IS WHAT WE DO

**Specialized in Pre-Construction & Assignment Sales**

## SALES REPRESENTATIVE

Cell : 416 - 992 - 0214
Email : realtormanishg@gmail.com
**www.FlowerCityRealty.com**

| | |
|---|---|
| **BRAMPTON** | 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2 |
| **MISSISAUGA** | 30 Topglight Dr. Suite 12, L5S 0A8 |

## દૈનિક જીવનમાં મની લોન્ડરિંગ વિશે જાગૃતિ: સામાન્ય લોકો માટે જરૂરી જાણકારી

# મની લોન્ડરિંગ શું છે?

મની લોન્ડરિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં ગેરકાયદેસર રીતે મળેલું નાણું કાયદેસર જણાય એવું બનાવીને 'સાફ' કરાય છે. આમ કરીને ગુનેગારો એ નાણાંને સરળતાથી ઉપયોગમાં લઈ શકે છે - તેમને પકડવાનું મુશ્કેલ બની જાય છે.

આપણે વિચારીએ છીએ કે આ માત્ર ફિલ્મોમાં જ થાય છે. પણ સાચી વાત એ છે કે, સામાન્ય લોકો પણ વિના ખબર એમાં શામેલ થઈ શકે છે.

મની લોન્ડરિંગ તમારા રોજિંદા જીવનમાં કેવી રીતે દેખાઈ શકે?

અહી છે દૈનિક જીવનના હકીકત આધારિત ઉદાહરણો - કે જેમાં સામાન્ય વ્યક્તિ અજાણતા રીતે મની લોન્ડરિંગનો ભાગ બની શકે છે:

1. "ટ્રાન્સફર કરો અને કમાઓ" જેવી ઓનલાઈન નોકરી

ઉદાહરણ: તમારું ધ્યાન ફેસબુક પર એક પોસ્ટ તરફ જાય છે: "ઘરેથી કામ કરો અને ₹10,000 કમાઓ. ફંડ ટ્રાન્સફર કરો બસ!"

તમે તમારો બેંક એકાઉન્ટ નંબર આપી દો, અને પછી તમને કોઈના નાણાં મળે છે, જે તમને બીજા એકાઉન્ટમાં મોકલવાનું કહે છે.

આ રીતના કામો હકીકતમાં તમને મની મ્યુલ (અજાણતા ધંધાબંધ) બનાવે છે - ગુનેગારો તમારી મદદથી નકલી ટ્રાન્ઝેક્શન કરે છે.

શું કરવું: એવી નોકરી કે જેમાં તમારું એકાઉન્ટ ટ્રાન્ઝેક્શન માટે માંગવામાં આવે - એનાથી દૂર રહો.

2. ફોન કે વાહન વેચતાં કોઈ "સંપૂર્ણ રોકડ" આપે

ઉદાહરણ: તમે તમારો જૂનો મોબાઈલ કે બાઈક વેચવાની જાહેરાત મૂકી. કોઈ કહે કે હું બધા રોકડમાં ચુકવી દઈશ - બિલ વગર.

તમે એમાં શંકા કર્યા વિના વેચી દો. પણ એ નાણાં કોઈ ગુનાથી મળેલા હોઈ શકે છે.

શું કરવું: કદી પણ મોટાં રોકડ ડીલ્સ ન કરો. UPI, NEFT કે અન્ય ટ્રેસેબલ પેમેન્ટ મેળવો અને ખરીદનારનો ID રાખો.

3. ઈન્સ્ટાગ્રામ કે વોટ્સએપ પરથી ભાવનાત્મક તથા ઈમોશનલ અપીલ જોઈને દાન કરવું

ઉદાહરણ: કોઈક આપત્તિ પછી વોટ્સએપ પર એક QR કોડ આવે છે - "માત્ર રૂ. 200 સહાય કરો." તમે તરત UPI થી પેમેન્ટ કરો.

જો કે, તમે ક્યારેય તપાસ્યું નહીં કે આ ખરેખર કોઈ નોંધાયેલ NGO છે કે નહીં. કદાચ એ ફેક ચેરિટી છે, જેનો ઉપયોગ હથિયાર કે આતંકવાદ માટે થાય છે.

શું કરવું: કોઈ પણ NGO ને પેમેન્ટ કરતા પહેલાં તેમની રજિસ્ટ્રેશન ડિટેઈલ્સ તપાસો.

4. મિત્રો કે ઓળખીતાઓ તમારું બેંક એકાઉન્ટ "થોડા સમય માટે" માંગે

ઉદાહરણ: કોઈ મિત્ર કહે કે "મારું બેંક એકાઉન્ટ/બેંકિંગ સેવા કામ નથી કરતી. તારા એકાઉન્ટમાં પૈસા મુકાવી દઉં ને તું મને આપી દેજે?"

તમને લાગે કે મિત્રની મદદ કરી રહ્યાં છો. પણ એ પૈસા ગેરકાયદેસર હોઈ શકે છે. અને તમે એના બદલામાં જવાબદાર ઠરો.

શું કરવું: કોઈને પણ તમારું એકાઉન્ટ ઉપયોગ કરવા દેવું નહીં - તે ભલે મિત્ર હોય કે સંબંધિ.

5. ઓનલાઈન ગેમિંગ કે ક્રિપ્ટોકરન્સી માધ્યમથી નાણાં વ્યવહાર

ઉદાહરણ: કોઈ ખેલાડી તમને કહે છે - "મને રૂ. 5000 દઈ દે, હું તને ગિફ્ટ કાર્ડ કે ક્રિપ્ટોથી આપીશ."

એ વ્યાવહારિક રીતે નકલી પૈસા ખસેડવાની રીત હોઈ શકે છે.

શું કરવું: ક્યારેય કોઈ ત્રીજી વ્યક્તિ માટે પેમેન્ટ કે ક્રિપ્ટો ટ્રાન્સફર ન કરો.

શંકાસ્પદ પ્રવૃત્તિઓના લાલ નિશાન

- ઘણી વધારે કમાણી ખૂબ ઓછા મહેનતથી
- તમારું બેંક એકાઉન્ટ કોઈ બીજાને ઉપયોગ કરવાનું કહે
- રોકડના ભારે વ્યવહારો
- દાન કે પેમેન્ટ માટે સ્પષ્ટ માહિતી ન આપવી
- તમારું મન કોઈ રીતે અશાંત લાગે - પણ તમે કહો નહીં

કેવી રીતે બચવું?

સવાલ કરો: કોણ છે આ વ્યક્તિ? શું કામ માટે છે?

શંકાસ્પદ ટ્રાન્સફરથી દૂર રહો - ભલે કોઈ ઓળખીતો હોય

ફક્ત પ્રમાણભૂત ચેરિટી કે NGO ને દાન આપો

શંકાસ્પદ પ્રવૃત્તિઓ પોલીસ કે સંબંધિત એજન્સી (કેનેડામાં FINTRAC, ભારતમાં FIU-IND) ને જાણ કરો

જાગૃતિ ફેલાવો

આ માહિતી તમારા પરિવાર, મિત્રોની સાથે ખાસ કરીને...


- યુવાઓ
- વડીલોએ
- નોકરી શોધતા લોકો

સાથે વહેંચો

અંતિમ વિચાર: શું કંઈક શંકાસ્પદ લાગે છે? તો થોભો અને તપાસો

મની લોન્ડરિંગ ગુનાઓ પાછળ માત્ર માફિયા નહિ, આપણા અજાણપણા પર આધાર રાખે છે. જો આપણે સજાગ રહીએ તો ગેરકાયદેસર ફેલાવતી પ્રવૃત્તિઓને અટકાવી શકીએ છીએ.



# જેની દિવ્યતા, ભવ્યતા અને સમર્પણની તુલના આ સંસારમાં કોઈ પણ સાથે કરી શકાતી નથી તે...જનેતા



'જજની, માતા, જનેતા' શબ્દ સાંભળતાની સાથે જ આંખો સમક્ષ એવી તસવીર આવે છે કે જેની દિવ્યતા, ભવ્યતા અને સમર્પણની તુલના આ સંસારમાં કોઈ પણ સાથે કરી શકાતી નથી. કારણ કે માતાના ખોળામાં બેસવાનું સુખ એ ત્રણેય લોકના રાજ્ય સિંહાસન પર બેસવાના સુખ કરતાં પણ વધારે છે. તેથી જ તો કહેવા છે કે જનની' અને જન્મભૂતિ સ્વર્ગથી પણ મહાન છે. માતાનો પ્રેમ એ સ્વાભાવિક હોય છે. આપણે જોઈએ છીએ કે પશુ-પક્ષીઓમાં પણ માતાનો પ્રેમ અદ્દભૂત હોય છે. માતા શબ્દ એ સાંત્વના આપવા માટે પૂરતો છે. કારણ કે માતા શબ્દ સાંભલતાની સાથે જે ભાવના જે ઉર્મિઓ અને જે સંવેદના હ્રદયમાં જાગે છે. તે અત્યંત નિઃસ્વાર્થ અને ઉચ્ચકોટિની હોય છે. માતા પોતાના બાળક માટે કોઈ પણ અપેક્ષા રાખ્યા વગર સર્વસ્વ અર્પણ કરવા તૈયાર હોય છે. માટે તો કહેવાય છે કે મા તે મા બીજા બધા વગડાના વા

માતૃપ્રેમથી બાળક એક  સાચો માણસ બની શકે છે. માતૃપ્રેમને કારણે જ આ સંસારને મહાન વિભૂતિઓની ભેટ મળી છે. સંસાર ચલાવનારી કોઈ એક શક્તિની વાત કરીએ તો તે માતૃશક્તિ છે.

દેવોને દુર્લભ એવો નિઃસ્વાર્થ અને નિર્વ્યાજ માતૃપ્રેમ એ મનુષ્યને ઈશ્વરે પ્રદાન કરેલી અમૂલ્ય ભેટ છે. `તથી જ માતા માટે હ્રદયની લાગણીથી લખાય છે કે અર્પી દઉ સો જન્મ એવું મા તુજ લ્હેણું શાસ્ત્રોમાં જો કોઈને પ્રથમ ગુરૂ કહ્યા હોય તો તે માતા છે. માતા એટલે પ્રેમનું અવિરત ઝરણું, બલિદાનની મુરત, તૃપ્તિનો અનુભવ અને સંપૂર્ણ માણસાઈને પરિચય આપતુ વ્યક્તિ એટલે માતા.

માતા એ શબ્દ ઉચ્ચાર નથી.. ઉદ્દગાર છે. મ શબ્દને કાને લાગે ને મા થાય છે. તેની આગળ આખો સાગર પણ નાનો લાગે છે. એવી માતા વિશે આપણે વધુ કહીએ તો ...

જો જો આંગળી કપાય તો લોહીની ધાર નીકળે ને લોહીની બુંદબુંદ મા મારી માનું ઉધાર નીકળે.

તારા હિસ્સાની રોટલી પધરાવી દીધી મારા પેટમાં, તોય મા તારા મુખેથી ઓડકાર નીકળે.

મારી સફળતાને મેં એક દિવસ નિરાંતે બેસીને ફંફોસી જોયું, મારી માતાના સપના સાકાર નીકળ્યાં. સાત જન્મોની સઘળી પૂજા લગાવી દઉ તોય મારી માતા લેણદાર નીકળી.

સહેશ અડતામાં જ દુઃખો સામટા થઈ જાય છે. ગાયબ માતા હથેળીઓમાં સતત જાદૂઈ એવો સ્પર્શ રાખે છે.

આપી દે થોડા પતિને
આપી દે સંતાનને થોડાં
માં, સ્વયં ને જીવવા તો એક પણ વર્ષ ક્યાં રાખે છે.

ઠેસ બાળકને કદી ક્યાંયે ન વાગે એટલા માટે માતા સદા ચોખ્ખી જ ઘરની ને હ્રદયની ફર્શ રાખે છે.

જો પ્રભુ સૌને જનમ આપે છે તો મૃત્યુંય આપે છે.


માતા તો ઈશ્વરથીય ઉંચો આગવો આદર્શ આપે છે.

ચોર ખિસ્સામાં બધાયે આંસુઓ સંતાડી રાખે છે.

માતા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે.

એવી માતાને શત્ શત્ નમન.

- નિર્મલા દરજી Canada






HOMELIFE
HIGHER STANDARDS

HOMELIFE/MIRACLE REALTY LTD.
Brokerage, Independently Owned & Operated



SANJU PATEL
Broker

Direct 647-721-0491
Office 905-454-4000
Fax 905-463-0811
Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com



Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE
Looking for Mortgage Services?
1st & 2nd mortgage
Home equity loans
Residential mortgage
Commercial mortgage
Refinancing
and many more
Mortgage Application
CONTACT US
CELL : (647) 409-5848
Lic #M22003707

# આગળ વાત થયા મુજબ ઘરના વાસ્તુ માટે પ્રવેશદ્વાર અને ઘરનું બ્રહ્મસ્થાન અગત્યનો ભાગ ભજવે છે



આગળ વાત થયા મુજબ ઘરના વાસ્તુ માટે પ્રવેશદ્વાર અને ઘરનું બ્રહ્મસ્થાન અગત્યનો ભાગ ભજવે છે.

હાલના સમય 80 ટકા મકાનો શાસ્ત્રીય અને વાસ્તુની દ્રષ્ટિએ ખોટાં હોય શકે અને તામો વાસ્તુ પ્રમાણે બદલવાં કરતાં તમારો પ્રવેશદ્વાર ઉપર વાસ્તુને લગતા ઘણા ધાર્મિક તથા પિરામિડવાસ્તુના સીમ્બોલ બજારમાં મળે છે. તેનો ઉપયોગ કરી મુખ્ય દ્વાર ઉપર બહારની સાઈડે તથા અંદરની સાઈડ લગાવી શકાય છે અને એનર્જીને વેલકમ કરી શકાય છે.




આગળના એકમાં લખ્યા મુજબ વાસ્તુ (1) સજીવ (2) નિર્જીવ પર આધાર રાખે છે. જેમકે અયોગ્ય ખોરાક ખાવાથી શરીર બગડે છે. અને તમારા પ્રવેશ દ્વારને તમો જે તમે તમારા પ્રવેશદ્વાર જે હેતુથી સીમ્બોલનો ઘર માટે અને ઘરના દરેક સભ્યો માટે વીશ જરૂરી છે તો તમો ખુબ જ ટૂંકા સમયમાં સારૂ પરિણામ મેળવી શકો છો. આ થઇ પ્રવેશ દ્વારની વાત અને બ્રહ્મસ્થાન આગળના અંકે વાત કરીશું.

# પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) માં મોટા ફેરફારો

૨૫ જૂન, ૨૦૨૫–આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કાર્યક્રમમાં ફેરફારોના ભાગ રૂપે, ૨૦૨૪ માં એક નવી આવશ્યકતા રજૂ કરવામાં આવી હતી. પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) માટે પાત્ર બનવા માટે, નોન-ડિગ્રી પ્રોગ્રામ્સ (સ્નાતક, માસ્ટર અથવા ડોક્ટરલ ડિગ્રી સિવાયના કાર્યક્રમો) માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ લાંબા ગાળાની અછતમાં નોકરીઓ સાથે જોડાયેલા અભ્યાસના લાયક ક્ષેત્રમાં એક કાર્યક્રમ પૂર્ણ કરવો આવશ્યક છે, જેમ કે એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ પ્રાથમિકતા આપવામાં આવતી નોકરીઓ. આ નિયમ એવા વિદ્યાર્થીઓને લાગુ પડે છે જેમણે ૧ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ અથવા તે પછી અભ્યાસ પરમિટ માટે અરજી કરી હતી.

આજથી અસરકારક રીતે, અભ્યાસના લાયક ક્ષેત્રોની સૂચિ ૨૦૨૫ એક્સપ્રેસ એન્ટ્રી પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરવા માટે અપડેટ કરવામાં આવી છે, અને નીચેના ફેરફારો કરવામાં આવ્યા છે:

આરોગ્ય સંભાળ અને સામાજિક સેવાઓ, શિક્ષણ અને વેપાર જેવા મુખ્ય ક્ષેત્રોમાં અભ્યાસના ૧૧૯ નવા ક્ષેત્રો ઉમેરવામાં આવ્યા હતા.

લાંબા ગાળાની શ્રમ અછતમાં વ્યવસાયો સાથે જોડાયેલા ન હોય તેવા અભ્યાસના ૧૭૮ ક્ષેત્રો દૂર કરવામાં આવ્યા હતા.

આ ફેરફારોના પરિણામે, હવે PGWP માટે લાયક અભ્યાસના ૯૨૦ ક્ષેત્રો છે.

જે વિદ્યાર્થીઓએ 25 જૂન, 2025 પહેલાં સ્ટડી પરમિટ માટે અરજી કરી હતી, તેઓ હજુ પણ PGWP માટે પાત્ર રહેશે જો તેમનું અભ્યાસ ક્ષેત્ર સ્ટડી પરમિટ માટે અરજી કરતી વખતે યાદીમાં હતું, ભલે તે પછીથી દૂર કરવામાં આવ્યું હોય.

# ગુરુ પૂર્ણિમાનું મહત્વ આજના સંદર્ભમાં

ગુરુ પૂર્ણિમા એ હિંદુ અને બૌદ્ધ પરંપરાનો એક વિશિષ્ટ તહેવાર છે, જે અષાઢ મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવાય છે. આ દિવસ ગુરુના સ્મરણ, પૂજન અને તેમની કૃપા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે. ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે આ દિવસે મહાભારતના રચયિતા વેદ વ્યાસજીનો જન્મદિવસ મનાવવામાં આવે છે.

## આજના સંદર્ભમાં ગુરુ પૂર્ણિમાનું મહત્વ

ગુરુ પૂર્ણિમાનું મહત્વ આજના સમયમાં અનેકગણું વધી ગયું છે. તે માત્ર ધાર્મિક ઉજવણી જ નથી, પરંતુ આપણા જીવનમાં માર્ગદર્શન આપનારા દરેક વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ પણ છે.

## શિક્ષણ અને સંસ્કાર

આજના સમયમાં ગુરુનું સ્થાન માત્ર આધ્યાત્મિક ગુરુ સુધી સીમિત નથી. શિક્ષકો, માર્ગદર્શકો, માતા-પિતા અને જીવનમાં માર્ગદર્શન આપનાર દરેક વ્યક્તિને ગુરુ તરીકે માનવામાં આવે છે. ગુરુ પૂર્ણિમા એ શિક્ષકો અને માર્ગદર્શકો પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો અને તેમની ભૂમિકાને માન્યતા આપવાની પરંપરા છે. આ દિવસે શાળાઓ, કોલેજો અને વિવિધ સંસ્થાઓમાં શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે, અને વિદ્યાર્થીઓ તેમના શિક્ષકોને ભેટ આપી આશીર્વાદ લે છે.

## આધ્યાત્મિક વિકાસ અને કૃપા

આધ્યાત્મિક દૃષ્ટિએ, ગુરુ પૂર્ણિમા એ દિવસ છે જ્યારે ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે. આ દિવસે ધ્યાન, ભજન, પૂજા અને ગુરુના ઉપદેશનું પાલન કરીને આધ્યાત્મિક ઉન્નતિ માટે સંકલ્પ લેવાય છે. એવી માન્યતા છે કે ગુરુ વિના જીવનમાં સાચું જ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત થવી મુશ્કેલ છે.

## આંતરિક વિકાસ અને સંકલ્પ

ગુરુ પૂર્ણિમા એ નવા સંકલ્પો માટે યોગ્ય સમય છે. ઘણા લોકો આ દિવસે જીવનમાં સુધારા અને આત્મ-વિકાસ માટે સંકલ્પ કરે છે. વેદ અને ધાર્મિક ગ્રંથોનું અધ્યયન, દાન, અને ગુરુના ઉપદેશ પર અમલ કરવાનો દિવસ પણ છે.



## પ્રાચીન પરંપરા અને વૈજ્ઞાનિક મહત્વ

આ દિવસે ચંદ્ર અને પૃથ્વી વચ્ચે વિશિષ્ટ સંયોજન થતું હોવાથી માનવામાં આવે છે કે આ સમય આધ્યાત્મિક ગ્રહણશક્તિ માટે ઉત્તમ છે. યોગ પરંપરામાં, આદિયોગી (શિવ) દ્વારા પ્રથમ સાત શિષ્યોને યોગ વિજ્ઞાન આપવાની કથા પણ ગુરુ પૂર્ણિમા સાથે જોડાયેલી છે.

## ટેકનોલોજીના યુગમાં ગુરુ પૂર્ણિમાનું મહત્વ

આધુનિક ટેકનોલોજીના યુગ માં ગુરુ પૂર્ણિમાનું મહત્વ ઓછું થયું નથી, બલ્કે તે વધુ પ્રસ્તુત બન્યું છે.

ઓનલાઈન શિક્ષણ અને ડિજિટલ ગુરુઓઃ આજે, યુટ્યુબ, ઓનલાઈન કોર્સીસ, પોડકાસ્ટ અને બ્લોગ્સ જેવા માધ્યમો દ્વારા અસંખ્ય લોકો જ્ઞાન વહેંચી રહ્યા છે. આ ડિજિટલ ગુરુઓ પણ પરંપરાગત ગુરુની જેમ જ જ્ઞાનનું પ્રસારણ કરે છે. ગુરુ પૂર્ણિમાનો દિવસ આવા "ડિજિટલ ગુરુઓ" પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક પૂરી પાડે છે, જેમણે ટેકનોલોજીના માધ્યમથી જ્ઞાનને વધુ સુલભ બનાવ્યું છે.

માર્ગદર્શનની વધતી જરૂરિયાતઃ ટેકનોલોજી અને માહિતીના અતિરેકથી ભરેલા આજના વિશ્વમાં, યોગ્ય માર્ગદર્શનની જરૂરિયાત પહેલા કરતા પણ વધુ છે. યુવાનોને કારકિર્દી, નૈતિક મૂલ્યો અને જીવનશૈલી સંબંધિત પડકારોમાં સાચા માર્ગદર્શનની જરૂર પડે છે. ગુરુ પૂર્ણિમા આપણને આવા માર્ગદર્શકોનું સન્માન કરવા અને તેમના જ્ઞાનનો લાભ લેવા પ્રોત્સાહિત કરે છે.

વ્યક્તિગત વિકાસ માટે પ્રેરણાઃ ટેકનોલોજીએ વ્યક્તિગત વિકાસના નવા દ્વાર ખોલ્યા છે, પરંતુ સ્વ-શિસ્ત અને યોગ્ય દિશા વિના તે શક્ય નથી. ગુરુ પૂર્ણિમાનો દિવસ આત્મ-પ્રેરણા અને આત્મ-વિકાસ માટે સંકલ્પ લેવા માટે પ્રેરણા આપે છે, જે ટેકનોલોજીનો સકારાત્મક ઉપયોગ કરવા માટે જરૂરી છે.

મૂલ્ય શિક્ષણનું પુનરુત્થાનઃ ડિજિટલ ક્રાંતિ સાથે, નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું મહત્વ ઓછું ન થાય તે જરૂરી છે. ગુરુ પૂર્ણિમા એ દિવસ છે જ્યારે આપણે આપણા ગુરુઓ પાસેથી માત્ર જ્ઞાન જ નહીં, પરંતુ જીવનના મૂલ્યો અને સંસ્કારોનું પણ શિક્ષણ મેળવીએ છીએ.

આજના સમયમાં ગુરુ પૂર્ણિમાનું મહત્વ વધુ વિસ્તૃત અને સર્વગ્રાહી બન્યું છે. શિક્ષણ, સંસ્કાર, આધ્યાત્મિક વિકાસ અને માનવ જીવનના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપનાર વ્યક્તિઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો, તેમનું સન્માન કરવાનો અને જીવનમાં સાચા માર્ગ પર ચાલવાનો સંકલ્પ કરવાનો દિવસ એટલે ગુરુ પૂર્ણિમા. તે આપણને યાદ અપાવે છે કે જ્ઞાન અને માર્ગદર્શન એ જીવનના આધારસ્તંભ છે, અને આપણે હંમેશા ગુરુ પ્રત્યે કૃતજ્ઞ રહેવું જોઈએ, ભલે પછી તે પરંપરાગત ગુરુ હોય કે ટેકનોલોજીના માધ્યમથી માર્ગદર્શન આપનાર ડિજિટલ ગુરુ નુ પણ મહત્વ છે...

- પરેશ શાહ, વડોદરા




### શું વિશ્વના 4% લોકોની નોકરી AIએ છીનવી લીધી?

# માઈક્રોસોફ્ટએ 9000 કર્મચારીની સૌથી મોટી છટણીનો કર્યો નિર્ણય

ટેકનોલોજી ક્ષેત્રમાં અગ્રેસર ગણાતી માઈક્રોસોફ્ટ કંપનીના કર્મચારી માટે માઠા સમાચાર સામે આવ્યા છે. માઈક્રોસોફ્ટે તાજેતરમાં9,000કર્મચારીઓની છટણીની જાહેરાત કરી છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે વૈશ્વિક ટેક ઉદ્યોગ મંદી અને ખર્ચ ઘટાડાના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. આ છટણી વૈશ્વિક કર્મચારીઓના લગભગ 4 ટકા જેટલી છે. ઉલ્લેખનીય છે કે 2025ની ટેક કંપની ત્રીજી સૌથી મોટી છટણી ગણવામાં આવે છે. આ ઘટનાએ ટેક ઉદ્યોગમાં ચાલી રહેલા પરિવર્તનો અને ઓટોમેશનના વધતા પ્રભાવને ઉજાગર કર્યો છે.

માઈક્રોસોફ્ટે બુધવારે જાહેર કર્યું કે આ છટણી મુખ્યત્વે તેના વેચાણ વિભાગ અને Xbox વિડિયો ગેમ વ્યવસાયને અસર કરશે. આ પહેલાં મે મહિનામાં 6,000 અને ત્યારબાદ એક સપ્તાહમાં 300થી વધુ કર્મચારીઓને હટાવવામાં આવ્યા હતા. કંપનીનું કહેવું છે કે આ પગલું બદલાતા બજારની જરૂરિયાતોને અનુરૂપ સંગઠનાત્મક પુનર્ગઠનનો ભાગ છે, જેનો ઉદ્દેશ્ય કંપનીને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે.

માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલાએ જણાવ્યું કે આ છટણી કર્મચારીઓના પ્રદર્શનને લગતી નથી, પરંતુ કંપનીની ભાવિ રણનીતિ અને AIમાં વધતા રોકાણનો ભાગ છે. AI અને ઓટોમેશનના કારણે ઘણી પ્રક્રિયાઓ સ્વચાલિત થઈ રહી છે, જેનાથી કર્મચારીઓની જરૂરિયાત ઘટી છે. આ ઉપરાંત, કંપની મેનેજમેન્ટના સ્તરોને સરળ બનાવી રહી છે જેથી નિર્ણયો ઝડપથી લઈ શકાય અને ટીમો વધુ કેન્દ્રિત રહે.

માઈક્રોસોફ્ટ ઉપરાંત અન્ય ટેક કંપનીઓ પણ આવા પગલા લઈ રહી છે. ચિપ ઉત્પાદક ઈન્ટેલેતાજેતરમાંકેલિફોર્નિયામાં 107 કર્મચારીઓને હટાવ્યા અને તેની ઓટોમોટિવ ચિપ યુનિટ બંધ કરી. એક અહેવાલ મુજબ, 2025માં 150થી વધુ ટેક કંપનીઓએ 63,823 કર્મચારીઓની છટણી કરી છે, જે દર્શાવે છે કે ટેક ઉદ્યોગ એઆઈ અને ઓટોમેશનના નવા યુગમાં પ્રવેશી રહ્યો છે.

# એસ. જયશંકરે વોશિંગ્ટનમાં જ સંભળાવી દીધું... ભારત-પાક યુદ્ધવિરામ માટે ટ્રમ્પનો કોઈ ફાળો નહીં



વોશિંગ્ટન ડી સી: મે મહિનાની શરૂઆતમાં પાકિસ્તાન અને PoKમાં આવેલા આતંકવાદી ઠેકાણા પર ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂર હેઠળ કાર્યવાહી કરી હતી, ત્યાર બાદ બંને દેશો વચ્ચે લશ્કરી સંઘર્ષ જામ્યો હતો. જોકે પાંચ દિવસ બાદ બંને દેશો યુદ્ધ વિરામ માટે સહમત થયા હતાં. ત્યાર બાદથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દાવો કરતા આવ્યા છે કે તેમની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામ માટે તૈયાર થયા હતાં. એવામાં ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ફરી એકવાર ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે કે આ યુદ્ધ વિરામનો નિર્ણય બંને દેશોના DGMO વચ્ચે થયેલી વાતચીતથી કરવામાં આવ્યો હતો.

ભારત વારંવાર વિરોધ છતાં અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ યુદ્ધવિરામનો શ્રેય લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને રોકવા તેમણે વેપાર બંધ કરવાની ધમકી આપી હતી, જેના કારણે બંને દેશો શાંતિ માટે તૈયાર થયા હતાં. વિદેશ પ્રધાન એસ. જયશંકરે ટ્રમ્પના ટ્રેડ ડીલ અંગેના આ દાવાને પણ ફગાવી દીધો.

**પાકિસ્તાન અને ભારતના DGMO વચ્ચે વાતચીત થઈ, તેઓ સંમત થયા છે કે બંને દેશો લશ્કરી કાર્યવાહી બંધ**

વોશિંગ્ટન ડી સીમાં ક્વાડ જૂથના સભ્ય દેશોના વિદેશ પ્રધાનોની કોન્ફરન્સ બાદ પત્રકારો સાથે વાત કરતા એસ. જયશંકરે કહ્યું કે તે સમયે જે બન્યું તેનો રેકોર્ડ ખૂબ જ સ્પષ્ટ છે અને બંને દેશોના DGMO વચ્ચેની વાતચીત બાદ યુદ્ધવિરામ થયો હતો. તેમણે કહ્યું, 'હું આ મુદ્દાને અહીં અંત લાવું છું.'

10 મેના રોજ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન અને ભારતના DGMO વચ્ચે વાતચીત થઈ, તેઓ સંમત થયા છે કે બંને દેશો લશ્કરી કાર્યવાહી બંધ કરશે. તાજેતરના એક ઈન્ટરવ્યું દરમિયાન એસ જયશંકરે એમ પણ કહ્યું હતું કે 9 મેની રાત્રે જ્યારે યુએસ ઉપરાષ્ટ્રપતિ જે ડી વાન્સે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી, ત્યારે તેઓ એ જ રૂમમાં હાજર હતા.

# જાપાનમાં 10 જ મિનિટમાં 26,000 ફૂટ નીચે ઉતર્યું બોઈંગ વિમાન

શાંઘાઈ : અમદાવાદના પ્લેન ક્રેશ બાદ હવાઈ મુસાફરોની ચિંતામાં વધારો થયો છે. જેમાં હાલમાં જ જાપાનમાં બીજું એક બોઈંગ 737 વિમાન અકસ્માતથી માંડ માંડ બચ્યું છે. આ બોઈંગ વિમાન ચીનથી જાપાનની રાજધાની ટોક્યો જઈ રહ્યું હતું. જ્યારે વિમાને શાંઘાઈથી ઉડાન ભરતાની સાથે જ વિમાનમાં ખામી સર્જાઈ અને અચાનક નીચે આવવા લાગ્યું. વિમાનને લગભગ 26 હજાર ફૂટ ઉપરથી પડતું જોઈને મુસાફરોએ તેના પર આખરી સંદેશા લખ્યા. જોકે, અંતે વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું. જેમાં મીડિયા અહેવાલ અનુસાર આ બોઈંગ વિમાનમાં 191 મુસાફરો સવાર હતા. જેમાં ક્રૂ સભ્યો સહિત 200 લોકો હતા. મોટાભાગના મુસાફરો ચીનના હતા જેઓ જાપાનના ટોક્યો જઈ રહ્યા હતા.



# FOR IMMEDIATE RELEASE

## Community Unites for a Cause: BAPS Charities Hosts Annual "Spirit of Service: Walk-Run"

**"Our mission is to change what it is to be blind in Canada for all Canadians, no matter your age or background.**

A wave of enthusiasm and commitment swept through Toronto on Saturday June 28, 2025 as BAPS Charities hosted its annual "Spirit of Service: Walk-Run." With over 1,000 participants stepping forward to support the William Osler Health System Foundation and the CNIB Foundation, the event underscored the power of unity in making a lasting impact.

This year's BAPS Charities Walk-Run in Toronto reinforced the organization's ongoing commitment to serving communities both locally and globally. Participants of all ages, from youth to seniors, came together to show their support for the William Osler Health System Foundation and the CNIB Foundation and their mission to serve the healthcare needs of the community. The William Osler Health System is one of the largest community health care systems in the country, comprising three integrated hospitals: Brampton Civic Hospital, Etobicoke General Hospital, and the Peel Memorial Centre for Integrated Health and Wellness. The CNIB Foundation, formerly known as the Canadian National Institute for the Blind, is a non-profit organization that delivers innovative programs and advocacy for people impacted by blindness.

Special guests included the Hon. John Zerucelli, Secretary of State (Labour) and Member of Parliament for Etobicoke North; Councillor Vincent Crisanti, City of Toronto; Allison Smith, Director, Campaign for William Osler Health System Foundation; and Daniel Moore, Director of Corporate and Foundation Partnership for CNIB Foundation.

Hon. John Zerucelli, Secretary of State (Labour) and MP for Etobicoke North said, "This is more than a walk. It's a reminder of what service really looks like. It's showing up, giving back, standing together. It reflects the spirit of BAPS Charities, a belief that by helping others, we help ourselves and everyone around us through events like this. BAPS Charities empowers individuals to volunteer their time. Everyone who organized this event is a volunteer. It's their energy, their resources to build a better community, a stronger community, and a more compassionate world."

Councillor Vincent Crisanti, City of Toronto said, "BAPS Charities commitment to selfless service and bettering the community is next to no one. It's amazing work that they do. Your dedication and then this compassion is greatly appreciated and is felt across the whole city. We are very proud of your countless contributions that make Toronto a great, great place to live."

Allison Smith, Director, Campaign for William Osler Health System Foundation said, "I am just honoured and thrilled to be here. We are so grateful for your support…BAPS Charities of Canada has been a friend of Osler for many years. All the way through the pandemic, when you stepped up with donations of critical PPE, as well as coming to distribute flowers to our physicians and staff to lift their spirits. You also worked with Osler on a pop up Covid-19 vaccination clinic. The community benefited greatly. We are grateful for your ongoing support, including today, through the Spirit of Service Walkathon."

Daniel Moore, Director of Corporate and Foundation Partnership for CNIB Foundation said, "Our mission is to change what it is to be blind in Canada for all Canadians, no matter your age or background. On behalf of everyone at CNIB, I want to thank you for choosing our charity as a recipient of your support today and for supporting our important mission through your act service and fellowship"

Spanning 14 cities across Canada and over 100 cities across North America, the BAPS Charities Walk-Run embodies a mission that goes beyond fitness. It champions causes including education, health, environmental stewardship, humanitarian relief, and support for local first responders.

For over 20 years, BAPS Charities has been dedicated to serving communities through health, education, humanitarian relief, environmental preservation, and community empowerment. In North America, it has organized over 1,100 Walk-Runs, 500 health fairs, and 500 blood donation drives, benefiting thousands.

Beyond the Walk-Run, BAPS Charities actively provides aid globally, supporting wildfire relief in Canada and USA, responding to hurricanes Milton and Helene, and assisting thousands of Ukrainian refugees. Through its "Spirit of Service" campaign, it leads food drives, toy drives, and health awareness initiatives. Globally, it has planted over 2 million trees and built 55 schools in disaster-hit regions. Committed to service and unity, BAPS Charities continues to make a lasting impact.

As another successful Walk-Run concluded, the event reaffirmed the impact of collective action in fostering change. With every step taken, BAPS Charities continues to inspire service-minded individuals, ensuring that compassion and community engagement remain at the heart of its mission.

For more information on the local activities of BAPS Charities, please visit www.bapscharities.org.

Social Media:

When posting the news on social media, please use the following hashtags:

@BAPSCharities #BAPSCharities #BAPSToronto #SpiritofService

About BAPS Charities

BAPS Charities is a global charity active in nine countries across five continents. With over 50 years of experience in humanitarian work, BAPS Charities aims to establish a spirit of selfless service through health awareness, educational services, humanitarian relief, environmental protection & preservation, and community empowerment. In critical times, BAPS Charities has swiftly responded to the needs of affected communities, mobilizing volunteers, and resources to provide crucial aid. From local activities such as hosting community health fairs to global efforts like sustaining schools and hospitals, BAPS Charities provides a platform for individuals wishing to serve locally and globally. For additional information on BAPS Charities and its international and local philanthropic activities, please visit www.bapscharities.org

Media Contact:
Niranjan Brahmbhatt
647-236-0613
niranjan.brahmbhatt@gmail.com